| | |
|---|---|
| RECEIVED ONE | 22-05-2026 |
| REGISTERED ON | 22-05-2026 |
| DECIDED ON | 01-06-2026 |

| DURATION | | |
|---|---|---|
| YEAR:00 | MONTH:00 | DAYS:09 |

**<u>ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર</u>**
**<u>ફોજદારી પરચુરણ અરજી નં. ૮૩૮/૨૦૨૬</u>**

**Ex - 6**

**તેજપાલસિંહ પ્રભુસિંહ રાણા,**
ઉ.વ. ૩૪, ધંધો-ડ્રાઈવર,
રહે. સુરજ, ચૈનુપર, ભીલવાડ,
રાજસ્થાન-૩૧૧૩૩૦. **........ અરજદાર**

**V/s.**

**ગુજરાત રાજ્ય સરકાર**
**પબ્લિક પ્રોસીક્યુટરશ્રી મારફતે** **........ સામાવાળા**
**ગાંધીનગર.**

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**

અરજદાર તર્ફે વિ.વકીલશ્રી. એમ.એન.સૈયદ,
સરકાર તર્ફે સ્પે.પી.પી. શ્રી એચ.એન.રાવલ.

ચિલોડા પોલીસ સ્ટેશન સી-પાર્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૧૬૦૦૬૨૬૦ ૨૬૮/ ૨૦૨૬, પ્રોહીબીશન કલમ- ૬૫(એ), (ઈ),૮૧, ૯૮(૨),૧૧૬(બી) તથા બી.એન.એસ.ની કલમ-૩૩૬(૨),(૩), ૩૪૦(૨)

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

**-:: જજમેન્ટ ::-**

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે ચિલોડા પોલીસ સ્ટેશન ગાંધીનગર સી-પાર્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૧૬૦૦૬૨૬૦૨૬૮/૨૦૨૬, પ્રોહીબીશન કલમ- ૬૫(એ),

(ઈ),૮૧, ૯૮(૨),૧૧૬(બી) તથા બી.એન.એસ.ની કલમ–૩૩૬(૨),(૩), ૩૪૦(૨) મુજબના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ અન્વયે હેઠળ રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, આ કામના અરજદાર/આરોપી તા.૨૦/૦૫/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. સમગ્ર પેપર્સ ધ્યાને ધ્યાને લેતાં કહેવાતો કોઈ ગુનો અમો અરજદારે કરેલ નથી. ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દીધેલ છે. જેથી અમો નિર્દોષ છીએ.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, પકડાયેલ ટ્રક અરજદારની માલિકીનો નથી. તેઓ સદર ટ્રકના માત્ર ડ્રાઈવર છે. માસિક રૂા.૧૫,૦૦૦/– થી ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. માલિકના કહેવાથી તેઓ સદર ટ્રક બ્યાવર રાજસ્થાન થી અમદાવાદ વસ્ત્રાપુર મુકી દેવા માટે લાવેલ છે. ટ્રકમાંનો મુદ્દામાલ કયાંથી આવ્યો, કોણ લાવ્યું તેની તેઓને કોઈ જાત માહિતી નથી. તેઓએ સદર મુદ્દામાલ મોકલાવેલ નથી કે તેમની માલિકીનો નથી. તેઓએ વાહનનો ખોટી નંબર પ્લેટ લગાવેલ નથી. મોટા ભાગની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે. તપાસ અર્થે અમો અરજદારની કોઈ જરુરીયાત હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર રજુ થતી નથી. કેસની ટ્રાયલ પૂર્ણ થતા સમય જાય તેમ છે. જેથી શરતોને આધીન જામીન મુકત કરવા અરજ કરેલ છે.

**૨.૩** વિશેષમાં જણાવેલ છે કે, કુંટુંબની જવાબદારી છે. ગુનાહિત ઈતિહાસ નથી. કેસની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડી.મેજી. ફ.ક.ની અદાલતની હકુમતની છે. સજાની જોગવાઈ ધ્યાને લેતાં હાલની આ જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

**૩.૧** વિ.સરકારી વકીલશ્રીએ રજૂઆત કરેલ છે કે, આ કામના આરોપી પોતાના કબજા ભોગવટાના સદરહું ટાટા ટ્રકમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટના પરપ્રાંતિય વિદેશી દારૂની હેરફેર કરવા ટ્રકની સાચી ઓળખ છુપાવવા અસલ ખોટી નંબર પ્લેટ લગાવી, અલગ અલગ બ્રાન્ડની બોટલો તથા પ્લાસ્ટીકના કવોટરીયા મળી કુલ નંગ–૨૯,૨૬૯/– કિંમત રૂા.૧,૪૦,૯૫,૦૦૮/– ના

મુદ્દામાલ સાથે ચંદ્રાલા નાકા પોઈન્ટ ખાતે હિંમતનગર થી ચિલોડા તરફના નેશનલ હાઈવે ૪૮ પાસે પકડાઈ ગયેલ છે. વિશેષમાં ટ્રક સાથે અરજદાર મળેલા છે તે ટ્રકની નંબર પ્લેટ પણ ખોટી હોવાની હકીકત તપાસ દરમ્યાન મળી આવેલ છે.

**૩.૨** વિશેષમાં જણાવેલ છે કે, આ કામે મુદ્દામાલ ભરી મોકલી આપનાર સુનીલકુમાર મેવાડા, રહે બ્યાવર, રાજસ્થાન મો. +૬૨–૮૨૩૧૨૨૭૨૮૫૯ નાઓ ભીલવાડ, રાજસ્થાન નાઓની તપાસ કરવાની બાકી બાકી છે. તપાસ નાજુક તબકકે છે. તેમજ સદરહું વાહનના અસલ માલિક સોહનલાલ માંગીલાલ ભીલ, રહે. ભીલવાડા, રાજસ્થાન હોય તેઓની તપાસ કરવાની બાકી છે.

**૩.3** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી તપાસ દરમ્યાન સહકાર આપતા નથી. પકડાયેલ મુદ્દામાલ કયાંથી લાવેલ છે અને કોને આપવાનો છે તેની કોઈ કોઈ વિગત જણાવતા નથી. અરજદારે પોતાના અંગત નાણાકીય લાભ મેળવવાના હેતુસર ખૂબજ મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો લાવેલ છે. અને આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આ કામના અરજદાર/આરોપીના કબજા ભોગવટાના વાહનમાંથી મળી આવે છે. આ સંજોગોમાં હાલના અરજદાર/ આરોપી સદર ગુનામાં સંડોવાયેલ હોય તેમ રેકર્ડ ઉપર થી જણાઈ આવે છે. જેથી જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી આવા ગુના કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. અરજદાર રાજસ્થાનના વતની હોય ટ્રાયલ દરમ્યાન હાજરી શંકાસ્પદ જણાય છે. તપાસ નાજુક તબકકે છે. જેથી અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૪.૧** બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબની હકીકતો જણાય છે.

- આ કામના અરજદાર/આરોપી સામે ચિલોડા પોલીસ સ્ટેશન ગાંધીનગર સી–પાર્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૧૬૦૦૬૨૬૦૨૬૮/૨૦૨૬, પ્રોહીબીશન કલમ– ૬૫(એ), (ઈ),૮૧, ૯૮(૨),૧૧૬(બી) તથા બી.એન.એસ.ની કલમ–૩૩૬(૨),(૩), ૩૪૦(૨) મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

- ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૦/૦૫/૨૦૨૫ ના કલાક ૧૩.૩૦ વાગ્યે મોજે ચંદ્રાલા ગામની સીમ ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે હિંમત નગર થી અમદાવાદ તરફ જતા રોડ ઉપર થી આરોપી તેજપાલસિંહ પ્રભુસિંહ રાણા, રહે. સુરજગામ પો.સ્ટે. ચેનપુર, થાના બડનોર, તા.બડનોર, જી. બ્યાવર રાજય રાજસ્થાન મો. નં.૭૬૨૭૦૮૯૫૨૧ નાઓ પોતાના કબજા ભોગવટાની ટાટા ટ્રકમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો પર પ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી કરવા ટ્રકની સાચી ઓળખ છુપાવવા અસલ રજીસ્ટ્રેશન નંબર કાઢી લઈ તેના બદલે ખોટી નંબર પ્લેટ લગાવી સદર ટ્રકમાં સુનીલકુમાર મેવાડા, રહે. બ્યાવર, રાજસ્થાન, મો. +૬૨-૮૨૩૧૨૨૭૨૮૫૯ નાઓએ ભીલવાડ, રાજસ્થાન ખાતે થી વિદેશી દારૂનો જથ્થો ભરી આપી નહી, પકડાઈ પ્રોહી હેરાફેરી કરવા માટે એકબીજા સાથે મેળાપીપણુ કરી, ષડયંત્ર રચી, દરમ્યાન ચંદ્રાલા નાકા પોઈન્ટ ખાતે હિંમતનગર થી ચિલોડા તરફના ને.હા. ૪૮ પાસેથી અલગ અલગ બ્રાંડના સીલબંધ ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો તથા પ્લાસ્ટીકના કવોટરીયા મળી કુલ નંગ-૨૯,૨૬૯/- જેની કિંમત રૂા.૧,૪૦,૯૫,૦૦૮/- તથા મોબાઈલ ફોન નંગ-૧, કિંમત રૂા.૫,૦૦૦/- તથા બીલનો પહોંચ-૦૨ તથા ટોલ ટેક્ષની પહોંચ નંગ-૦૩ તેમજ ટ્રકની કિંમત રૂા.૧૫,૦૦,૦૦૦/- કુલ મળી રૂા.૧,૫૬,૦૦,૦૦૦/- ના મુદ્દામાલ પાસે પકડાઈ જઈ ગુનો કરેલાનો આક્ષેપ છે.
- આ કામે રજૂ થયેલ પેપર્સ ધ્યાને હાલના આ કામના અરજદાર/આરોપી પોતાના આર્થિક ફાયદા સારૂ પોતાના કબજા ભોગવટાના સદરહું ટાટા ટ્રકમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટના પરપ્રાંતિય વિદેશી દારૂની હેરફેર દરમ્યાન કુલ નંગ-૨૯,૨૬૯/- કિંમત રૂા.૧,૪૦,૯૫,૦૦૮/- ના મુદ્દામાલ સાથે ચંદ્રાલા નાકા પોઈન્ટ ખાતે હિંમતનગર થી ચિલોડા તરફના ને.હા. ૪૮ પાસે પકડાઈ ગયેલ છે. તેમજ ટ્રકની સાચી ઓળખ છુપાવવા ખોટી નંબર પ્લેટ પણ લગાવેલ છે. આ કામના અરજદાર/આરોપી સદરહું વાહનના ડ્રાઈવર તરીકે ખુબજ મોટા

પ્રમાણમાં પ્રોહી. મુદ્દામાલ સાથે મળી આવેલા છે. જેથી આ કામના અરજદાર/ આરોપી આ ગુનામાં સંડોવાયેલા હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાય આવે છે. સદર કામે મુદ્દામાલ ભરી મોકલી આપનાર સુનીલકુમાર મેવાડા, રહે બ્યાવર, રાજસ્થાન મો. +૯૨–૮૨૩૧૨૨૭૨૮૫૯ નાઓએ ભીલવાડ, રાજસ્થાન નાઓની તપાસ કરવાની બાકી છે. તેમજ સદરહું વાહનના અસલ માલિક સોહનલાલ માંગીલાલ ભીલ, રહે. ભીલવાડા, રાજસ્થાન હોય તેઓની પણ તપાસ કરવાની બાકી છે. તપાસ દરમ્યાન અરજદાર/ આરોપી સહકાર આપેલ નથી. પકડાયેલ મુદ્દામાલ કયાંથી લાવેલ છે અને કોને આપવાનો છે તેની વિગત જણાવતા નથી. તેની પણ તપાસ કરવાની બાકી છે.

- તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ ધ્યાને લેતા, હાલમાં તપાસ નાજુક તબકકે છે.અરજદાર રાજસ્થાનના વતની હોય ટ્રાયલ દરમ્યાન તેમની હાજરી શંકાસ્પદ જણાય છે. આ તબકકે જામીન મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જાય તેમ છે. ફરીથી આવા ગુનાઓ કરે તેવી શકયતા રહેલી છે. જેના કારણે સમાજનું યુવા ધન દારૂના દુષણ અને તેની લતે ચડી જાય તેમ છે. તેમજ ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા થાય તેવી શકયતા નકારી શકાય તેમ નથી. નામ.સુપ્રિમ કોર્ટના **AIR 2017 S.C.5398, ANIL KUMAR YADAV V/S STATE OF (NCT) DELHI** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય અને ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં જામીન મંજૂર કરી ન શકાય.

**૫.૧** ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદાર સામે ખુબજ મોટા પ્રમાણમાં પ્રોહીબીશન મુદ્દામાલ ની હેરાફેરી કરતા પડકાઈ ગયેલાના ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં તેમજ ગુન્હાની ગંભીરતા લક્ષમાં લેતાં અરજદાર ને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવું યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આ કામના અરજદાર/આરોપી **તેજપાલસિંહ પ્રભુસિંહ રાણા,** ઉ.વ. ૩૪, ધંધો- ડ્રાઈવર, રહે. સુરજ, ચૈનુપર, ભીલવાડ, રાજસ્થાન-૩૧૧૩૩૦ નાઓની ચિલોડા પોલીસ સ્ટેશન ગાંધીનગર સી-પાર્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૧૨૧૬૦૦૬૨૬૦૨ ૬૮/૨૦૨૬, પ્રોહીબીશન કલમ- ૬૫(એ), (ઈ),૮૧, ૯૮(૨),૧૧૬(બી) તથા બી.એન.એસ.ની કલમ-૩૩૬(૨),(૩), ૩૪૦(૨) મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ. ૨૦૨૩ કલમ-૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજી આથી "**નામંજુર**" કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ-**૦૧**લી માહે જુન**,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી**,** સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૦૧-૦૬-૨૦૨૬.**
સ્થળ : ગાંધીનગર.

(**પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ**)
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ**,**
ગાંધીનગર.

/PSP/